| | | | | |
|---|---|---|---|---|
| | કેસ રજુ તારીખ | ૨૩–૦૯–૨૦૨૪ | | |
| | કેસ દાખલ તારીખ | ૨૩–૦૯–૨૦૨૪ | | |
| | ફેસલ તારીખ | ૧૩–૦૪–૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૬ | ૧૯ |

**મહે. એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુકામ–નવસારી**

**આંક :–**

**ફોર્મ–એ**

**મહે. બીજા એડિશનલ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–નવસારી.**

**ચુકાદાની તારીખ : ૧૩–૦૪–૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૮૫૮૬/૨૦૨૪**

**ગુનો :–ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ.**

| | |
|---|---|
| **ફરિયાદી :–** | **અલ્પેશભાઈ નટવરલાલ રાઠોડ**<br>ઉ.આ.વ. ૩૮, ધંધો–વેપાર,<br>રહે. બોલતી ઘોર, છાપરા રોડ, નવસારી, તા.જી. નવસારી. |
| **રજુ મારફતે :–** | વિ.વ.શ્રી.એમ.એમ. લાલાણી |
| **આરોપી :–** | **દેવેનકુમાર કાંતીલાલ મિસ્ત્રી**<br>ઉ.આ.વ. ૩૮, ધંધો–વેપાર,<br>રહે. કુંભારવાડા, કાલીયાવાડી, નવસારી. |
| **રજુ મારફતે :–** | વિ.વ.શ્રી બી.જે. ખેરનાર. |

**ફોર્મ–બી**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | –– |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | –– |
| આખરી અહેવાલની તારીખ | : | –– |
| તહોમતનામાની તારીખ | : | ૨૦–૦૧–૨૦૨૫ |

| | | |
|---|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૦૩–૦૨–૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૧૩–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૧૩–૦૪–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | –– |

**<u>આરોપીની વિગત :–</u>**

| અ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા.સં. ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | દેવેન કુમાર કાંતીલાલ મિસ્ત્રી | –– | –– | ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ | તકસીર વાન | એક વર્ષની સાદી કેદની સજા | –– |

**<u>ફોર્મ–સી</u>**

**<u>ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા તપાસવામાં આવેલ સાક્ષીની યાદી</u>**

**<u>(એ) ફરીયાદ પક્ષ :–</u>**

| ક્રમ | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | અલ્પેશભાઈ નટવરલાલ રાઠોડનું સરતપાસનુ સોગંદનામું | ૦૪ | ફરિયાદી |

**<u>(બી) બચાવ પક્ષે સાક્ષી, જો હોય તો :–</u>**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**<u>(સી) અદાલત ધ્વારા સાક્ષી, જો હોય તો :–</u>**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| – | –– | –– |

**<u>ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :–</u>**

**<u>(એ) ફરીયાદ પક્ષ :–</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ચેક નં. ૯૪૨૭૭૨ અસલ |
| ૨ | ૧૦ | બેંક રિટર્ન મેમો |
| ૩ | ૧૧ | નોટિસની સ્થળપ્રત |
| ૪ | ૧૨ | આરોપીને મોકલાવે નોટિસની રજી.પો.એ.ડી.ની રસીદ અસલ |
| ૫ | ૧૩ | રજી.પો.એડી. થી મોકલાવેલ નોટિસ મળી ગયાની ઓનલાઈન રિપોર્ટ |
| ૬ | ૧૪ | ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલ બાહેંધરી કરારની અસલ |
| ૭ | ૧૫ | ફરિયાદીના આધાર કાર્ડની નકલ |

**<u>(બી) બચાવ પક્ષ :–</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**<u>(સી) અદાલત ધ્વારા :–</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**<u>(ડી) મટીરીચલ ઓબ્જેકટસ :–</u>**

| ક્રમ | મટીરીચલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**<u>ઠ રા વ</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી અને આરોપી વચ્ચે મિત્રતા તથા ધંધાકીય સબંધો ચાલી આવેલ હોય, આરોપીને નાણાંની જરૂરિયાત ઉપસ્થિત થતા આરોપીએ ફરિયાદી પાસેથી હાથ ઉછીના રૂ.૧૦,૦૦,૦૦૦/– ની માંગણી કરતા આરોપીને ફરિયાદીએ હાથ ઉછીના રૂ.૧૦,૦૦,૦૦૦/–

આપેલા અને સદર નાણાં આરોપીએ ફરિયાદીને પરત કરી દેવા બાબતે બાહેંધરી લેખ કરવામાં આવેલ અને તેની શરતો મુજબ તા.૨૮–૭–૨૦૨૪ સુધીમાં નાણાં પરત કરવાના રહેશે અને જો ન ચુકવી શકે તો કાયદાકીય કાર્યવાહી કરી શકશે. આરોપીએ ઉપરોકત રકમ ફરિયાદીને સમયસર ના ચુકવતા ફરિયાદીએ આરોપી પાસેથી વારંવાર નાણાંની માંગણી કરતા આરોપીએ ફરિયાદીને તા.૮–૮–૨૦૨૪ ના રોજનો ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેંક, લુન્સીકુઈ શાખાનો ચેક નં.૯૪૨૭૭૨ રૂા.૧૦,૦૦,૦૦૦/– નો સહી કરીને આપેલ, સદર ચેક તેઓએ તેમના ખાતામાં જમા કરાવતા, સદર ચેક તા.૧૨–૦૮–૨૦૨૪ ના રોજ '' ફંડ ઈન સફિસિયન્ટ'' ના શેરા સાથે રિર્ટન થયેલો જે ચેક રિર્ટન થયા બાબતે ફરિયાદીએ તેમના વિ.વ.શ્રી. મારફતે કાયદા મુજબની રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી નોટીસ આરોપીને તા.૨૯–૦૮–૨૦૨૪ ના રોજ આપેલી જે નોટિસ આરોપીને તા.૩૧–૦૮–૨૦૨૪ ના રોજ મળી ગયેલ હોવા છતાં આરોપીએ ચેક મુજબની રકમ ફરિયાદીને ચુકવી આપેલ નથી. આમ, કરીને આ કામના આરોપીએ ચેકની રકમ આપેલ નથી અને તેમ કરીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે. જેથી આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબની હાલની ફરીયાદ ફરીયાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ છે.

(૨) ફરિયાદીએ ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકતવાળી ફરિયાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૩ અન્વયે રજૂ કરતાં ફરિયાદની ફરિયાદ તથા સાથે રજુ રાખેલ સમર્થનકારી દસ્તાવેજી આધારો ધ્યાને લઈ ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૭ ની જોગવાઈ

અન્વયે આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદરહુ કામના આરોપીને પ્રોસેસની બજવણી થઈ ગયેલ અને આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થીત થતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે, આરોપીને ફરિયાદ તથા સાથે ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. વધુમાં, પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ ની જોગવાઈ મુજબ **આંક–૮** થી આરોપીનો જવાબ(પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ કેસ તરીકે ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતા. આ કામના આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ છે, તેમાં આરોપીએ ફરિયાદ પક્ષના તમામ આક્ષેપોનો તથા હકીકતોનો ઈન્કાર કરેલો છે. આ કામના આરોપી સોગંદ ઉપર જુબાની આપવાની તેમજ બચાવના સાહેદો તપાસવા માંગતા હોવાનુ જણાવી, વિશેષમાં બચાવમાં જણાવે છે કે, અમો નિર્દોષ છે અને અમારી ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે.

(૫) ફરિયાદીના વિ.વ.શ્રીએ પોતાની મૌખિક દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી ૧૦,૦૦,૦૦૦ હાથ ઉછીના માંગેલા અને ફરિયાદીએ આરોપીને નાણા આપેલા અને સદર નાણાં આરોપીએ ફરિયાદીને પરત કરી દેવા બાબતે બાહેંધરી લેખ કરવામાં આવેલ તે લેખ મુજબ અને તેની શરતો

મુજબ તા. ૨૮–૭–૨૦૨૪ સુધીમાં નાણાં પરત કરવાના હતા. પરંતુ આરોપીએ ફરિયાદીના નાણા પરત ન કરતા ફરિયાદીએ આરોપી પાસેથી વારંવાર નાણાંની માંગણી કરતા આરોપીએ ફરિયાદીને તા. ૮–૮–૨૦૨૪ ના રોજનો ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેંક, લુન્સીકુઈ શાખાનો ચેક નં. ૯૪૨૭૭૨ રૂા.૧૦,૦૦,૦૦૦/– નો સહી કરીને આપેલ, સદર ચેક ફરિયાદીએ તેમના ખાતામાં જમા કરાવતા, સદર ચેક તા.૧૨–૦૮–૨૦૨૪ ના રોજ ''ફંડ ઈન –સફિસિયન્ટ'' ના શેરા સાથે રિર્ટન થયેલો જે ચેક રિર્ટન થયા બાબતે ફરિયાદીએ તેમના વિ.વ.શ્રી. મારફતે કાયદા મુજબની રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી નોટીસ આરોપીને તા.૨૯–૦૮–૨૦૨૪ ના રોજ આપેલી જે નોટિસ આરોપીને તા.૨૯–૦૮–૨૦૨૪ ના રોજ મળી ગયેલ હોવા છતાં આરોપીએ ચેક મુજબની રકમ ફરિયાદીને ચુકવી આપેલ ન હોય, હાલની ફરિયાદ ફરિયાદી ધ્વારા કરવામાં આવેલ છે, અને ફરિયાદી ધ્વાર રજૂ કરવામાં આવેલ પુરાવાનું આરોપી ધ્વારા ખંડન કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદી ધ્વારા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે, જેથી આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબની સજા તથા ચેકની રકમથી બમણી રકમનું વળતર અપાવવા વિનંતી કરેલ છે. જ્યારે આરોપી તર્ફે દલીલ કરવા માટે કોઈ હાજર રહેલ ન હોય આરોપીનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીમાં જણાવેલ વિગતે ફરિયાદીએ આરોપીને રૂ.૧૦,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપેલા, જે રકમની ચુકવણી માટે આરોપીએ ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેંક, લુન્સીકુઈ

શાખાના ચેક નં.૯૪૨૭૭૨ રૂા.૧૦,૦૦,૦૦૦/– નો તા.૮–૮–૨૦૨૪ ના રોજનો ચેક આપેલ, જે ચેક ફરિયાદીએ પોતાની બેંક ઓફ બરોડા મંદિર શાખા નવસારીમાં જમા કરાવતા સદર ચેક તા.૧૨–૮–૨૦૨૪ ના રોજ ફંડ ઈનસફિસિયન્ટના શેરા સાથે વણચુકવાયે પરત ફરેલ, જેની જાણ ફરિયાદીને થતા તા.૨૦–૮–૨૦૨૪ ના રોજ રજી. પોસ્ટ.એડીથી આરોપીને વકીલ મારફતે નોટીસ આપેલ, જે નોટિસ તા.૩૧–૮–૨૦૨૪ ના રોજ મળી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકની રકમ ફરિયાદીને દિન–૧૫ માં ચુકવેલ નહી, જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણય નીચે મુજબ છે :–

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**(૮)** **–: <u>નિ ર્ણ ય નાં કા ર ણો</u> :–**

**<u>મુદા નં.૧ :–</u>**

**(૮.૧)** હાલના કેસ ઉભય પક્ષે રજુ રાખેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા વટાઉખત અધિનિયમની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો આરોપી વિરુદ્ધ સાબિત કરવા માટે ફરીયાદીએ પુરવાર કરવાના નીચે મુજબના આવશ્યક તત્વો વંચાણે લેવા જરુરી બને છે.

**(i) આરોપીએ પોતે ધારણ કરતા બેંક ખાતાનો ચેક ઈસ્યુ કરેલ હોવો જોઇએ.**

**(ii) ચેક ફરીયાદીની તરફેણમાં કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હોવો જોઇએ.**

**(iii) ચેક તેની નિયત અવધિ દરમ્યાન બેંકમાં રજુ થયેલ હોવો જોઇએ.**

**(iv) ચેક બેંક દ્વારા નિયમોનુસારના શેરા સાથે વણચુકવ્યે પરત થયેલ હોવો જોઈએ. દા.ત. ફંડ ઇનસફીશીઅન્ટ, એરેન્જમેન્ટ એક્સીડેડ, સ્ટોપ પેમેન્ટ વિ.**

**(v) બેંક દ્વારા ચેક પરત ફરેલાની જાણ થયેથી દિન–૩૦ માં ફરીયાદીએ ચેકના નાણાંની માંગણી કરતી નોટીશ આરોપીને કરેલી હોવી જોઈએ.**

**(vi) નોટીશ આરોપીને કાયદેસર રીતે બજી ગયાથી ૧૫ દિવસ સુધીમાં આરોપી ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.**

**(vii) કલમ–૧૪૨ મુજબ કોઝ ઓફ એક્શન ઉભા થયાના એક માસની અંદર ફરીયાદ દાખલ થયેલ હોવી જોઈએ.**

(૮.૨) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ વંચાણે લેતા એમ સ્પષ્ટ થાય છે કે, જો આરોપીએ ચેક ઇશ્યુ કરેલાનુ અને ચેકમાંની સહી તેની હોવાનુ ફરીયાદી પુરવાર કરે તેવા સંજોગોમાં અદાલતે ફરીયાદીની તરફેણમાં કેટલાક પુર્વાનુમાનો કરવાના રહે છે. જો કે સદર પુર્વાનુમાનો તે કોઈ નિર્ણાયક પુરાવો નથી પરંતુ તે પુર્વાનુમાનોનુ યોગ્ય, વ્યાજબી પુરાવાઓ તથા ખૂલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા માટે સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કાયદાનો કોઈ નિયમ નથી, આરોપી ફરીયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ ઉપરના પુરાવાથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે. હાલના ચુકાદા માં સગવડતા ખાતર ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

**118. Presumptions as to negotiable instruments-** Until the contrary is proved, the following presumptions shall be made:-

**(a) of consideration**- that every negotiable instrument was made or drawn for consideration, and that every

such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;

**(b)** **as to date**- that every negotiable instrument bearing a date was made or drawn on such date;

**(c)** **as to time of acceptance**- that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

**(d)** **as to time of transfer**- that every transfer of a negotiable instrument was made before its maturity;

**(e)** **as to order of endorsements**- that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

**(f)** **as to stamp**- that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

**(g)** **that holder is a holder in due course**-that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**139. Presumption in favour of holder**- It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૮.૩) ઉપરોક્ત જોગવાઈઓના સંદર્ભમાં હાલના કેસમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૮ અન્વયેના કેસોમાં સાબિતીનો બોજો ફરીયાદી કરતા આરોપી ના શીરે વધુ બને છે કારણ કે કાયદા દ્વારા પુર્વાનુમાનો ફરીયાદીની તરફેણમાં મુકવામાં આવેલ છે. વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮ તથા ૧૩૯ માં મુખ્ય પુર્વાનુમાનોની જોગવાઈ છે. જો કે સદર પુર્વાનુમાનો આરોપી દ્વારા વાજબી ખુલાસા

અને પુરાવા રેકર્ડ ઉપર રજુ કરી, પ્રીપોડરન્સ ઓફ પ્રોબેબીલીટી પોતાની તરફેણમાં લાવી ખંડન કરી શકાય તે પ્રકારના છે. નામદાર સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદા દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપીએ પુર્વાનુમાનોનુ ખંડન કરવા માટે વિટનેક્ષ બોક્સમાં આવી જુબાની આપવી જરુરી નથી, પરંતુ તે ફરીયાદી તથા ફરીયાદીના સાહેદોની ઉલટ તપાસ દ્વારા અથવા કેસની મહત્વની હકીકતો અને સંજોગો રેકર્ડ ઉપર લાવી સદર પુર્વાનુમાનોનુ ખંડન કરી શકે છે. વટાઉખત અધિનયમની કલમ–૧૩૮ અન્વયેના કેસોમાં ફરીયાદીએ આરોપી વિરુદ્ધ નો કેસ નિઃશંકપણે પુરવાર કરવો પડે, જ્યારે આરોપીએ ફક્ત પ્રીપોડરન્સ ઓફ પ્રોબેબીલીટી ઉત્પન કરવાની જરુર રહે છે.

(૮.૪) ઉપરોક્ત સિદ્ધાંત ધ્યાનમાં રાખી, અત્રેની અદાલત દ્વારા હાલના કેસમાં રેકર્ડ ઉપરના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે. વટાઉ ખત અધિનિયમની આવશ્યક જોગવાઇના સંદર્ભે, ખાસ કરીને **આંક–૯** વાળા તકરારી ચેક કાયદેસરના દેવાની ચુકવણી પેટે આરોપીએ ફરિયાદીને આપેલ છે કે કેમ તે બાબત ચકાસવી ખુબ જરુરી બને છે. જો કે કલમ–૧૩૯ મુજબ તકરારી ચેક કાયદેસરના દેવાની ચુકવણી પેટે જ આરોપીએ આપેલ હોવાનુ પુર્વાનુમાન અદાલતે ફરિયાદીની તરફેણમાં કરવાનુ રહે છે. હવે, સદર પુર્વાનુમાનનુ ખંડન આરોપી પક્ષે કરવામાં આવેલ છે કે કેમ તે ચકાસવુ ખાસ જરુરી બને છે. આ કામે ફરીયાદી અલ્પેશભાઇ નટવરલાલ રાઠોડનાએ આંક–૪ થી વટાઉ ખત અધિનિયમની કલમ–૧૪૫ અન્વયે લેખિત સરતપાસ રજુ રાખેલ છે જેમાં ફરીયાદ મુજબની હકીકતો દોહરાવેલી હોય, અત્રે પુનરાવર્તન કરેલ નથી. જો કે આરોપીના વિ.વ.શ્રી દ્વારા ફરીયાદીની કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે, હું ધોરણ–૧૨ સુધી ભણેલ છુ. મારા ઘરમાં કુલ–૫ સભ્યો છે. એ વાત ખરી છે કે મારા માતા પિતા વૃધ્ધ છે. મારા મમ્મીને બ્લડ પ્રેશરની બિમારી છે અને સર્જરી ચાલુ છે. મારી

દિકરી ૫ ધોરણમાં ભણે છે. મારી દિકરીના ભણતર તથા ટ્યુશન પાછળ ખર્ચ થાય છે. એ વાત ખરી નથી કે હું શેનો વેપાર કરુ છુ તે મારી ફરિયાદ માં જણાવેલ નથી. એ વાત ખરી છે કે વેપારના પુરાવા આ કામે રજુ કરેલ નથી. મારો માસિક ખર્ચ ૫૦ થી ૬૦ હજાર રૂપિયા છે. એ વાત ખરી છે કે મારા વેપારનું બેંક સ્ટેટમેન્ટ તથા હિસાબ આ કામે રજુ કરેલ નથી. મારી માસિક આવક ધંધા પર આધાર રાખે છે પરંતુ અંદાજે માસિક ૨૦ થી ૩૦ લાખ જેટલી થાય છે. હું ઈન્કમટેક્ષ ભરૂ છું. એ વાત ખરી છે કે આરોપીને રૂ. ૧૦ લાખ ચુકવ્યા હોય તેવું કોઈ બેંક સ્ટેટમેન્ટ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીને જમીન લેવા માટે પૈસાની જરૂર હોય તે બાબતે કોઈ બાનાખત કે કરાર મને બતાવેલ નહી. હું જમીન લે–વેચનો ધંધો ૨૦૧૨ થી કરુ છું. એ વાત ખરી છે કે જમીનની જંત્રીની કિંમત વ્હાઈટમાં ચુકવવાની હોય છે. એ વાત ખરી છે કે આરોપીની આર્થિક પરીસ્થિતિ કેવી છે તે મારી ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરિયાદમાં મારી વાર્ષિક કે માસિક આવક બતાવેલ નથી. એ વાત ખરી છે કે ખોટી ફરિયાદ આપવી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપવી તે ગુનો બને છે તે હકીકત હું જાણું છુ. અમે અનુસુચિત જનજાતિમાં આવીએ છીએ. એ વાત ખરી નથી કે આરોપીને કોઈ શરતે રૂપિયા આપેલ નથી. સાહેદ જણાવે છે કે એક માસની શરતે આપેલા, એ વાત ખરી છે કે ૧૦ લાખ રૂપિયા કયાંથી લાવીને આપેલાની વિગત મારી ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીને તા. ૦૮–૦૮–૨૦૨૪ ના રોજ રૂપિયા આપેલા. એ વાત ખરી છે કે આરોપીને કઈ જગ્યાએ અને કોની હાજરીયા રૂપિયા આપેલા તે મારી ફરિયાદમાં જણાવેલ નથી. આરોપીને આપેલ રૂપિયાની વિગત મારા ઈન્કમટેશ રીટર્નમાં બતાવેલ છે. હું મારુ સને ૨૦૨૩–૨૪

નું ઈન્કમટેક્ષ રીટર્ન રજુ કરવા તૈયાર છું. એ વાત ખરી છે કે આરોપીએ મને આંક-૯ વાળો ચેક કઈ તારીખે, કઈ જગ્યાએ અને કોની હાજરીમાં આપેલો તે મારી ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી સાથે મારે દરરોજ મુલાકાત થતી હતી. હું બેંકમાં લેવડ દેવડ કરૂ છુ અને તેના નિતી નિયમો હું જાણુ છુ. એ વાતની મને ખબર છે કે બેંકના નિતી નિયમો મુજબ રૂા.૨૦ હજારથી વધુનો વ્યવહાર ચેકથી કરવો પડે છે. એ વાત ખરી છે કે આંક-૧૪ વાળા બાંહેધરી કરારમાં સાક્ષીના નામ લખેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ મને રૂપિયા ચુકવી દિધેલ છે તેમ છતાં મારે વ્યાજ લેવાનું બાકી હોય આરોપીના કોરા ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરિયાદ કરેલ છે.

(૮.૫) હવે, વટાઉખત અધિનિયમની કલમ-૧૩૮ અન્વયેનો ગુનામાં જો આરોપી ચેક ઇશ્યુ કરેલાનો સ્વીકાર કરે તેમજ ચેકમાં પોતાની સહિ નથી તેવો બચાવ ન લે અથવા સહિ પોતાની હોવાનો સ્વીકાર કરે તો કલમ-૧૧૮એ તથા કલમ-૧૩૯ મુજબ તે ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે જ આપેલ હોવાનુ પુર્વાનુમાન કરવાનુ આવશ્યક બને છે. જે અનુસાર હાલના કેસમાં પણ આરોપી દ્વારા તકરારી આંક-૯ વાળો ચેક તેમના બેંક ખાતાના નથી કે ચેકમાં તેમની સહિ નથી તેવો કોઇ બચાવ કે તકરાર લેવામાં આવેલ નથી. જેથી, આંક-૯ વાળા ચેકમાં આરોપી પોતાની સહિ હોવાનો સ્વીકાર કરેલ છે તેમ માનવાને કારણ બને છે. જે બાબતે **નામ. સર્વોચ્ચ અદાલતે Triyambak S. Hegde Vs Sripad [2021(0) AIJEL-SC 67771]** ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

**11. From the facts arising in this case and the nature of the rival contentions, the record would disclose that the signature on the documents at Exhibits P6 and P2 is not disputed. Exhibit P2 is the dishonoured cheque based on which the complaint was filed. From the evidence**

tendered before the JMFC, it is clear that the respondent has not disputed the signature on the cheque. If that be the position, as noted by the courts below a presumption would arise under Section 139 in favour of the appellant who was the holder of the cheque. Section 139 of the N.I. Act reads as hereunder: “139. Presumption in favour of holder It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.”

12. Insofar as the payment of the amount by the appellant in the context of the cheque having been signed by the respondent, the presumption for passing of the consideration would arise as provided under Section 118(a) of N.I. Act which reads as hereunder:

“118. Presumptions as to negotiable instruments – Until the contrary is proved, the following presumptions shall be made:

(a) of consideration – that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration.”

(૮.૬) નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યા મુજબ ચેકમાં સહી કરીને આરોપીએ ફરીયાદીને આપેલ હોય તો તે ચેક કાયદેસરના અવેજ પેટે આપેલ હોવાનુ પુર્વાનુમાન વટાઉ ખત અધિનિયમની કલમ-૧૩૯ મુજબ ફરીયાદીની તરફેણમાં માનવાનુ રહે છે. વધુમાં, ચેક દેવુ કે જવાબદારીની ચુકવણી પેટે આપેલ ન હતો તેવુ પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર રહે છે. જેના અનુસંધાને હાલના કેસમાં આરોપી પક્ષે

ફરીયાદીની ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદીના ઘરમાં કુલ–૫ સભ્યો છે, તેમના માતા પિતા વૃધ્ધ છે, તેમની મમ્મીને બ્લડ પ્રેશરની બિમારી છે અને સર્જરી ચાલુ છે, દિકરીના ભણતર તથા ટ્યુશન પાછળ ખર્ચ થાય છે, વેપારના પુરાવા આ કામે રજુ કરેલ નથી, વેપારનું બેંક સ્ટેટમેન્ટ તથા હિસાબ આ કામે રજુ કરેલ નથી, આરોપીને રૂ. ૧૦ લાખ ચુકવ્યા હોય તેવું કોઈ બેંક સ્ટેટમેન્ટ આ કામે રજુ કરેલ નથી, આરોપીને જમીન લેવા માટે પૈસાની જરૂર હોય તે બાબતે કોઈ બાનાખત કે કરાર મને બતાવેલ નહી, આરોપીની આર્થિક પરીસ્થિતિ કેવી છે તે મારી ફરિયાદમાં જણાવેલ નથી, ફરિયાદમાં ફરીયાદીની વાર્ષિક કે માસિક આવક બતાવેલ નથી, ૧૦ લાખ રૂપિયા કયાંથી લાવીને આપેલાની વિગત ફરિયાદમાં જણાવેલ નથી, આરોપીને કઈ જગ્યાએ અને કોની હાજરીયા રૂપિયા આપેલા તે ફરિયાદમાં જણાવેલ નથી,આરોપીએ આંક–૯ વાળો ચેક કઈ તારીખે, કઈ જગ્યાએ અને કોની હાજરીમાં આપેલો તે ફરિયાદમાં જણાવેલ નથી, આંક–૧૪ વાળા બાંહેધરી કરારમાં સાક્ષીના નામ લખેલ નથી,આરોપીએ ફરીયાદીને રૂપિયા ચુકવી દીધેલ છે તેમ છતાં વ્યાજ લેવાનું બાકી હોય આરોપીના કોરા ચેકનો દુરૂઉપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે વિગેરે મુજબના બચાવો લીધેલ છે. આમ, આંક-૯ વાળો તકરારી ચેક આરોપીના બેંક ખાતાના નથી કે ચેકમાં આરોપીની સહિ નથી તેવી તકરાર કે બચાવ આરોપી દ્વારા લેવામાં આવેલ નથી. જેથી, ના.સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત ચુકાદામાં ઠરાવ્યા મુજબ આંક-૯ વાળા તકરારી ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી માટે આપેલ હોવાનુ પુર્વાનુમાન કલમ–૧૧૮એ તથા કલમ–૧૩૯ અન્વયે ફરિયાદીની તરફેણમાં કરવાનુ બને છે. હવે, આ કામે ફરિયાદીએ આરોપીને કોઇ રકમ આપેલ નથી તેવો કોઇ બચાવ આરોપી પક્ષ દ્વારા લેવામાં આવેલ નથી, ઉલ્ટાનુ આરોપી પક્ષે ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીએ આરોપીને તા.૦૮–૦૮–૨૦૨૪ ના રોજ રૂપિયા આપેલા તેવી હકીકત સુચક સવાલ તરીકે

પુછવામાં આવેલ છે જેનો ફરીયાદીએ હકારમાં જવાબ આપેલ છે પરંતુ સદર તારીખ આંક–૯ વાળા તકરારી ચેકની તારીખ છે. વધુમાં, આરોપીએ ફરીયાદીને રૂપિયા ચુકવી દીધેલ છે તેમ છતાં વ્યાજ લેવાનું બાકી હોય આરોપીના કોરા ચેકનો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે તેવો બચાવ આરોપી પક્ષે લીધેલ છે. જે ધ્યાને લેતા આરોપી આ કામના ફરીયાદીએ તેમને રૂપિયા આપેલ હોવાનો સ્વીકાર કરતા હોવાનુ જણાય છે. વિશેષમાં, આંક–૯ વાળો આરોપીના બેંક ખાતાનો આરોપીની સહીવાળો ચેક ફરીયાદીને ક્યારે અને શા માટે આપેલો તેની કોઇ વિગત કે ખુલાસો આરોપીએ રજુ રાખેલ નથી. ઉપરાંત, આરોપીના બચાવ મુજબ તેમણે આરોપીને રૂપિયા ચુકવી દીધેલ છે તેમછતાં ફરીયાદીએ હાલની ખોટી ફરીયાદ કરેલ છે તેવો બચાવ પુરવાર કરવા માટે આરોપીએ કોઇ પ્રયત્ન કરેલ નથી તેમજ તેમણે જો આરોપીને રૂપિયા પરત આપી દીધેલ હતા તો પછી આરોપી પાસેથી પોતાનો ચેક પરત મેળવવા કોઇ કાર્યવાહી કેમ કરેલ નથી તેનો પણ કોઇ ખુલાસો આરોપી રજુ રાખી શકેલ નથી. વધુમાં, આરોપીએ આ કામના ફરીયાદીએ તેમને રૂપિયા આપેલ હોવાનુ કબુલ રાખેલ હોય ફરીયાદીની આવક તથા ખર્ચ બાબતે ઉલટ તપાસમાં પુછેલ સવાલોથી આરોપીને કોઇ મદદ પ્રાપ્ત થતી નથી. વધુમાં, આરોપીએ ફરીયાદીએ કરેલ માંગણા નોટિશનો કોઇ જવાબ પણ આપેલ નથી તેથી પણ ફરીયાદીની નાણાંકીય સદ્ધરતા બાબતની આરોપીએ લીધેલ તકરાર ટકવાપાત્ર જણાતી નથી. વધુમાં, ફરીયાદીના કથન મુજબ તેમની આવક ૪ થી ૫ લાખ જેટલી છે. જે ધ્યાને લેતા પણ આરોપી પક્ષે ફરીયાદીની નાણાંકીય સદ્ધરતા બાબતની તકરાર ગ્રાહ્ય રાખવા યોગ્ય જણાતી નથી.

(૮.૭) હવે, આ કામે ફરિયાદમાં જણાવ્યા મુજબની રકમ આપેલ હોવાના સમર્થનમાં ફરીયાદીએ આંક–૧૪ થી નોટરી રૂબરૂ આરોપીએ કરી આપેલ બાંહેધરી લખાણ અસલ રજુ રાખેલ છે. જે લેખને આરોપી પક્ષે પડકારેલ નથી. જો કે આરોપી પક્ષે આંક–૧૪ વાળા લખાણમાં

સાક્ષીઓની સહિ નથી તેવી તકરાર લેવામાં આવેલ છે પરંતુ સદર કરારમાં કરેલ આરોપીના ફોટા તથા સહીને નકારેલ નથી. વધુમાં, આરોપી પક્ષે સદર આંક-૧૪ વાળા લખાણની વિગતો પડકારેલ નથી કે સદર લખાણ આરોપીએ ફરીયાદીને કરી આપેલ નથી તેવો પણ કોઇ બચાવ લીધેલ નથી. જે લખાણમાં સ્પષ્ટ રીતે આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૧૦,૦૦,૦૦૦/- લીધેલ હોવાની વિગત અને આરોપીએ તે રકમ તા.૨૮/૭/૨૪ સુધીમાં પરત કરવાના હતા તેવી વિગત લખેલ હોવાનુ ફલિત થાય છે. વિશેષમાં, સદર કરાર નોટરી રૂબરૂ નોંધાયેલ છે, જેથી વિરુદ્ધનુ પુરવાર થયા વિના સદર લખાણની વિગતો માનવાને રહે છે. વધુમાં, આંક-૯ વાળો આરોપીના બેંક ખાતાનો આરોપીની સહિવાળો ચેક ફરીયાદી પાસે ક્યારથી અને શા માટે હતો તેની કોઇ વિગત આરોપી પ્રસ્થાપિત કરી શકેલ નથી. ઉપરાંત, આંક-૯ વાળા તકરારી ચેકનો ફરિયાદીએ દુરપયોગ કરી હાલની ખોટી ફરિયાદ કરેલ હોવાનો બચાવ લીધેલ છે પરંતુ તેવો બચાવ પણ પ્રીપોડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિદ્ધાંત અન્વયે પુરવાર કરી શકેલ નથી. વિશેષમાં, નોંધપાત્ર હકીકત બને છે કે ફરીયાદીએ આરોપીને ફરીયાદમાં જણાવ્યા મુજબની રકમ આપેલ હોવાના સમર્થનમાં આંક-૧૪ થી નોટરી રૂબરૂ આરોપીએ કરી આપેલ લખાણ અસલ રજુ રાખેલ છે. જે લખાણ આરોપીએ કરી આપેલ નથી કે સદર લખાણમાં આરોપીની સહિ નથી તેવી કોઇ તકરાર કે બચાવ આરોપી દ્વારા લેવામાં આવેલ નથી. જે જોતા આરોપી આંક-૧૪ વાળો નોટરી રુબરૂ લખાણ કરી આપેલ હોવાનુ તેમજ તે લખાણમાં તેમની સહી હોવાનુ કબુલ રાખતા હોવાનુ માનવાને કારણ બને છે. જેનાથી વિરુદ્ધની કોઇ હકીકત આરોપી પક્ષે પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. આમ, આંક-૧૪ વાળા અસલ લખાણથી તેમજ ફરીયાદીના મૌખિક પુરાવાથી ફરીયાદમાં જણાવ્યા મુજબની રકમ ફરીયાદીએ આરોપીને આપેલ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી હોવાનુ જણાતુ હોય આરોપી પક્ષ દ્વારા વાદગ્રસ્ત વ્યવહાર બાબતે લેવામાં આવેલ અન્ય બચાવો અપ્રસ્તુત બની જાય છે. વિશેષમાં, આરોપી પક્ષે આંક-૯ વાળો ચેક

આરોપીના બેંક ખાતાના નથી કે ચેકમાં આરોપીની સહિ નથી તેવી કોઇ તકરાર કે બચાવ લેવામાં આવેલ નથી. જે સંજોગોમાં ના. સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંતના અનુસંધાને હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આંક–૯ વાળો આરોપીના બેંક ખાતાવાળો આરોપીની સહિવાળો ચેકનો ફરીયાદીએ દુરપયોગ કરેલ હોવાની આરોપી પક્ષની દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી. જે તમામ બાબતો ધ્યાને લેતા આરોપી તકરારી ચેક બાબતે લીધેલ બચાવ પુરવાર કરી શકેલ નથી તેમ જણાય છે અને ના.સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યા મુજબ આંક–૯ વાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા કે જવાબદારીની ચુકવણી પેટે આપેલ હોવાનુ પુર્વાનુમાન વટાઉ ખત અધિનિયમની કલમ-૧૩૯ મુજબ ફરીયાદીની તરફેણમાં સ્પષ્ટ બને છે.

(૮.૮) આમ, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના તત્વો તથા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના પુર્વાનુમાનો તથા તે પુર્વાનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય, તે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતિપાદીત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલ સમગ્ર પુરાવાનું આરોપી તરફે લેવામાં આવેલ તકરારો તથા બચાવ સંદર્ભે મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આરોપી પક્ષે આરોપીના સીકયુરીટી પેટેના ચેકનો ફરીયાદીએ દુરપયોગ કરી હાલની ફરીયાદ કરેલ છે તેવો બચાવ લેવામાં આવેલ છે પરંતુ તે બચાવ આરોપી પક્ષ પ્રીપોડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિદ્ધાંત અન્વયે પુરવાર કરી શકેલ નથી. વિશેષમાં, આંક–૯ વાળા તકરારી ચેકમાં આરોપીની સહિ હોવાનુ પ્રસ્થાપિત થયેલ છે. ઉપરાંત, આરોપીએ આ કામે લીધેલ બચાવો અદાલત સમક્ષ પ્રસ્થાપિત કરી શકેલ નથી તેમજ આરોપીનુ ફરીયાદીની તરફેણમાં કાયદેસરનુ દેવુ હોવાનુ રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થયેલ છે. જે તમામ સંજોગોમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના તત્વો તથા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના કાયદાના અનુમાનો સ્પષ્ટ રીતે ફરીયાદીની તરફેણમાં લાગુ પડે છે. જે અંગે નામદાર

સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિદ્ધાંતના પરીપ્રેક્ષમાં આ કામે રજુ થયેલ તમામ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો અત્રે એ હકીકત નિર્વિવાદીત છે કે હાલના કામે આરોપીએ વાદગ્રસ્ત આંક–૯ વાળા ચેકમાં તેમની સહી નથી તેવી કોઇ તકરાર કે બચાવ લીધેલ નથી. ઉપરાંત તકરારી ચેક તેમના બેંક ખાતાનો નથી કે તેમણે ઈશ્યુ કરેલ નથી તેવો પણ કોઈ બચાવ આરોપી પક્ષે લેવામાં આવેલ નથી. વિશેષમાં, હાલના કેસમાં આરોપી પક્ષે જે બચાવો લેવામાં આવેલ છે તે બચાવો અદાલત સમક્ષ પ્રસ્થાપિત કરી શકેલ નથી. હવે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ અન્વયેના પુર્વાનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવાના રહે છે. વધુમાં, રેકર્ડ ઉપર રજુ સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં જયારે ફરીયાદ પક્ષ દ્રારા તેમના ઉપરનો પ્રાથમિક બોજો પુરવાર કરવામાં આવેલ હોય આરોપી દ્રારા કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબનો ખંડન કરતો પુરાવો રજુ થયેલ છે કે કેમ તે ધ્યાને લેતાં આરોપી દ્રારા આ કામે સોગંદ ઉપરની જુબાની આપવામાં આવેલ નથી અને બચાવમાં સાહેદો તપાસેલ નથી તેમજ આરોપી ફરીયાદીની તરફેણના કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબના પુર્વાનુમાનોનુ ખંડન કરી શકેલ નથી. જો કે પ્રસ્થાપિત કાયદાકીય પરિસ્થિતી મુજબ આરોપીએ પુર્વાનુમાનોનુ ખંડન કરવા માટે જાતે સોગંદ ઉપર જુબાની આપવી તથા સમર્થનકારી પુરાવો રજુ કરવો તે ફરજીયાત નથી અને આરોપી ફરીયાદીના પુરાવા તેમજ ઉપલબ્ધ હકીકતો આધારે તે પુર્વાનુમાનોનુ ખંડન કરી શકે છે. જેના અનુસંધાને હાલના કેસમાં જોતા ફરીયાદી પક્ષનો પુરાવો સમગ્ર રીતે વંચાણે લઇ તેનુ મુલ્યાંકન કરતા ફરીયાદ હકીકત મુજબની વિગતો સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે અને જરૂરી સમર્થનકારી પુરાવા રજુ રાખેલ છે. વધુમાં, આરોપી પક્ષે ફરીયાદીની ઉલટ તપાસથી કે બચાવના પુરાવા રજુ રાખી ફરીયાદ હકીકતોને ખંડન કરતી વિપરીત કોઇ હકીકત આ કામે રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. વધુમાં, આરોપી પક્ષે લેવામાં આવેલ બચાવોની ઉપર કરેલ ચર્ચા અન્વયે તેવા બચાવો આરોપી પુરવાર કરી શકેલ નથી અને તેથી સદર બચાવો ગ્રાહ્ય રાખવા યોગ્ય જણાતા નથી. વિશેષમાં, જયારે આરોપી આ કામે ફરીયાદીની

તરફેણના કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબના પુર્વાનુમાનોનુ ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે તે સંજોગોમાં વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબના પુર્વાનુમાનો ફરીયાદીની તરફેણમાં અને આરોપી વિરુધ્ધમાં પ્રસ્થાપિત થયાનુ સ્પષ્ટ બને છે. વધુમાં, જયારે આરોપી દ્વારા સદર પુર્વાનુમાનોનુ ફરીયાદીના પુરાવા આધારે ખંડન કરવામાં આવેલ નથી તેમજ રજુ કરેલ બચાવના પુરાવાથી પણ ખંડન કરી શકેલ નથી ત્યારે ફરીયાદ પક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલા છે તેમ પ્રસ્થાપિત થાય છે.

(૮.૯) ઉપરોકત મુજબ કાયદાકીય પુર્વાનુમાનો તથા વિગતવારની ચર્ચા અન્વયે હાલના કેસમાં વાદગ્રસ્ત આંક–૯ વાળો ચેક રૂ.૧૦,૦૦, ૦૦૦/– નો આરોપીએ કાયદેસરના દેવા કે જવાબદારીની ચુકવણી પેટે જ આપેલ હોવાનુ પુરવાર થાય છે. વધુમાં, હાલના કેસમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળની અન્ય જોગવાઇ મુજબ આંક–૯ થી રજુ તા.૦૮/૦૮/૨૦૨૪ વાળો ચેક આંક–૧૦ વાળા રીટર્ન મેમાથી તા.૧૪/૦૮/૨૦૨૪ ના રોજ પરત ફર્યા બાદ ફરીયાદી દ્વારા તા.૨૫/૦૮/૨૦૨૪ ના રોજ આંક–૧૧ વાળી માંગણા નોટિશ કરવામાં આવેલ છે. જે નોટિશ આંક–૧૩ વાળા પોસ્ટ ખાતાના ઓનલાઈન સ્ટેટસ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે, તેમ છતાં આરોપીએ ચેકની રકમ ફરીયાદીને દિન–૧૫ માં ચુકવી આપેલ નથી. જે બાદ તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ કરવામાં આવેલ છે. જે વટાઉખત અધિનિયમની કલમ–૧૩૮ ની જોગવાઇ મુજબ નિયત સમયમર્યાદામાં હોવાનુ જણાય છે. આમ, હાલના કેસમાં ફરીયાદી દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની તમામ આવશ્યક જોગવાઈનુ પાલન કરેલ હોવાનુ પ્રસ્થાપિત થાય છે. જે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ મુદ્ધા નંબર–૧ માંહેની હકીકત સાબિત કરી શકેલ છે એટલે કે ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલા હોઈ મુદ્ધા નંબર–૧ નો જવાબ હકારમાં આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે આ કામના આરોપીને દોષીત ઠરાવવામાં આવે છે. વધુમાં મુદ્દા નં. ૨ અન્વયે આરોપીને તકસીરવાન

ઠરાવતાં પહેલા તેઓને સજા અંગે સાંભળવા જરૂરી છે કે કેમ તે બાબતે **Varkey V/S State, (1989 CrLJ 2357)** ના ચુકાદામાં નામદાર વડી અદાલત ધ્વારા પ્રસ્થાપીત કરેલ છે કે, મેજીસ્ટ્રેટ ધ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨), ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે સજા અંગે સાંભળવાની જરૂર નથી. વળી, ચુકાદા સમયે આજરોજ આરોપી હાજર નથી, જેથી ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા તેમજ હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે તે ધ્યાને લેતા હાલના કેસમાં સજા અંગે સાં ભળવામાં આવેલ નથી. વધુમાં, આ કામના આરોપી આજરોજ ચુકાદા માટે ઈરાદાપુર્વક હાજર રહેલ ન હોય હાલનો ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે. જે તમામ સંજોગોમાં ઉપરોકત ચર્ચાને આધીન આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) આ કામના આરોપી **દેવેનકુમાર કાંતીલાલ મિસ્ત્રી,** ઉ.આ.વ. ૩૮, ધંધો–વેપાર, રહે. કુંભારવાડા, કાલીયાવાડી, નવસારીનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી **એક વર્ષની સાદી કેદની સજા**નો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫(૩) અન્વયે ફરિયાદીને **રૂા.૧૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા અગીયાર લાખ હજાર પુરા)** વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં

આવે છે. જો આરોપી સદર રકમ ફરિયાદીને ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ **૩ માસની** સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪ હેઠળ આરોપીને ચુકાદાની નકલ વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી ચુકાદા માટે હાજર રહેલ ન હોય સજાની અમલવારી માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૫૮(૨) અન્વયે આરોપી વિરુદ્ધ પકડ વોરંટ નીકાળવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં, સદર પકડ વોરંટ સંબંધિત પો.સ્ટે. ના પી.આઇ.શ્રીને બજવણી અર્થે મોકલવુ તથા પી.આઇ.શ્રીએ સદર વોરંટની બજવણી વહેલી તકે કરી આરોપીને અદાલત સમક્ષ રજુ કરવો અને જો વોરંટની બજવણી ન થાય તો દર ૧૫ દિવસે તે બાબતનો રીપોર્ટ કરવો.

સદરહુ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : નવસારી.**
તા. ૧૩/૦૪/૨૦૨૬

**( હર્ષદભાઈ શનાભાઈ ચાવડા)**
અધિક જયુડી.મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ),
નવસારી.
**કોડ નં. જી.જે.૦૧૫૩૪**